બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૪)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - ક્ષત્રિયોને (૬/૩૬)

➪ મહારાજે સમાજના વહેણ વિરુદ્ધ જઈ બંધ કરાવેલ દૂધપીતી રિવાજ સંબંધી ફરિયાદ કરવા આવેલા ક્ષત્રિયોના મનની મૂંઝવણ અંતર્યામીપણે જાણીને ઉપદેશ દેતાં મહારાજે કહ્યું.

૨. ➪ વિલિયમ્સ - બિશપ હેબરને (૨૪/૧૨૪)

➪ ખ્રિસ્તી ધર્મ પ્રચાર મિશનના વડા રેવરંડ બિશપ હેબર ફરતાં ફરતાં ગુજરાતમાં આવ્યા ત્યારે વડોદરાના કલેક્ટર વિલિયમ્સ બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજસુધારાના અને ધર્મસુધારાના કાર્યનો મહિમા કહેતાં કહે છે.

૩. ➪ મહારાજ - કુશળકુંવરબાને (૧૪/૮૭)

➪ મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા પછી કુશળકુંવરબાએ કહ્યું 'હે મહારાજ ! આ સમગ્ર રાજ્ય આપને ચરણે ધરું છું' ત્યારે રાજ્ય સ્વીકારવાની ના પાડતા મહારાજ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. મયારામ ભટ્ટનો (ભટ્ટજીનો) બાજરો મહારાજે, સંતોએ અને હરિભક્તોએ લણ્યો. (૬/૩૫)

જ. મહારાજ અગતરાઈથી ગઢડે જતા હતા ત્યારે ભટ્ટજીને મહારાજે અન્નકૂટ ઉત્સવ કરવા ગઢડે આવવા જણાવ્યું. બાજરાનો સારો પાક લણવાનો બાકી હોવાથી ભટ્ટજી ખચકાતા હતા. તેથી મહારાજે હરિભક્તો પાસે દાંતરડા મંગાવી ભર બપોરે ૫૦ માણસો લઈને ખેતરે ગયા. મહારાજ પોતે સંતો, હરિભક્તો સાથે બાજરો લણવા લાગ્યા.

૨. શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો લખવાની આજ્ઞા કરી. (૧૬/૯૧)

જ. કારણ કે તે સમયે લગ્નના ગીતોમાં ગાળ-ગલીચ અને અપશબ્દો આવતા હતા. તે ગીતો મહારાજે ગાવાના બંધ કરાવ્યા. અને સંતકવિઓને (પ્રેમાનંદ ને મુક્તાનંદ સ્વામીને) રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી. તેથી તે ગીતો લગ્નમાં ગવાય.

૩. 'સાવ કબૂતરના કબૂતર રહ્યા' એમ શ્રીજીમહારાજે પરમહંસોને કહ્યું. (૧૩/૮૪)

જ. પરમહંસો ગામડે ફરવા ગયા. ત્યાં કેટલાક પરમહંસોએ મહારાજને દત્ત, કપિલ, વ્યાસ જેવા કહ્યાં. કેટલાકે રામકૃષ્ણાદિક અવતાર જેવા કહ્યાં. મહારાજે પોતાના સ્વરૂપની ઘણી ઘણી વાતો કરી છતાં ભોળા પરમહંસો મહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખાવી શક્યા નહિ. તેથી મહારાજે તેમને કબૂતરના કબૂતર કહ્યાં.

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

૧. **છ હેતુઓ (૨૦/૧૦૩) :-** કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજ તેમને ભેટ્યાં, ઠંડા પાણી પાયાં પછી અક્ષર ઓરડીમાં લઈ ગયા અને પોતાની પાસે બેસાડ્યા. બીજા સંતો હરિભક્તોને તેમજ નિષ્કુળાનંદ સ્વામીને બહાર જવાની આજ્ઞા કરી. પછી અક્ષર ઓરડીનો દરવાજો બંધ કરાવ્યો અને પોતાના પૃથ્વી પર પ્રગટ થવાના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કહ્યા. આ છ હેતુઓ નીચે મુજબ છે.

૧. અમારી સર્વોપરી ઉપાસના અને સર્વોપરી જ્ઞાન, તેને આ પૃથ્વી પર પ્રવર્તાવવું.

૨. પૂર્વે થઈ ગયેલા અવતારોના ભક્તોને અમારી ઉપાસના અને અમારા સ્વરૂપનો બોધ કરીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા.

૩. ભક્તિદેવી અને ધર્મદેવને અસુરોના ત્રાસમાંથી મુક્તિ અપાવી, અમારી મુર્તિનું સુખ આપવું.

૪. ઘણા કાળથી લુપ્ત (ભૂલાયેલો) થયેલો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યે યુક્ત ભક્તિવાળો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો.

૫. અનંત કાળથી ભજન-ભક્તિ કરતા અનેક તપસ્વી યોગીઓને દર્શન દઈ તપનું-ભક્તિનું ફળ આપવું. ભગવાનને વિષે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવાં અને તેમને લાડ લડાવવા.

૬. આ પૃથ્વી પર એકાંતિક ધર્મના ધારક સાધુઓ, ઉપાસના માટે શિખરબદ્ધ મોટાં મંદિરો, અમારાં લીલા-ચરિત્ર, સ્વધર્મજ્ઞાને યુક્ત શાસ્ત્રો કરવા, અને પરાત્પર વિહદ એવું જે અક્ષરધામ તેને પમાડવાને અર્થે પરમ એકાંતિક સંતો દ્વારા આત્યાંતિક કલ્યાણનો મોક્ષ માર્ગ આ બ્રહ્માંડમાં સદાય ઊભો રાખવો.

આ છ હેતુઓ દરવાજાની તિરાડમાંથી નિષ્કુળાનંદ સ્વામીએ સાંભળ્યા.

**૨. ગુણાતીતનો મહિમા (૧૧/૭૬):-** રાઠોડ ધાધલને ત્યાં સંતો સાથે રાસ રમતાં મહારાજ કબીરનાં પદો બોલવા લાગ્યા.

'જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા,
પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા.'

એમ બોલતાં જાય અને ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં પોતાની છડી અડાડતા જાય. પછી બીજુ પદ બોલ્યા,

'કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ,
'કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કરે જ્ઞાન; સદ્‌ગુરુ ખેલે વસંત.'

એમ ત્રણ વખત ગાઈને હાથમાં પકડેલી છડી ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં અડાડીને મહારાજે પૂછ્યું, 'એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે આનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી બોલ્યા, 'મહારાજ, એવા સદ્‌ગુરુ તો આપ.' ત્યારે મહારાજે કહ્યું, 'એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે. અમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છીએ. માટે એવા સદ્‌ગુરુ તો આ અક્ષરબ્રહ્મનો અવતાર ગુણાતીતાનંદ સ્વામી છે. કબીરજી તો અક્ષરબ્રહ્મને 'સદ્‌ગુરુ સાહેબ' કહીને ભજતા તે અક્ષરબ્રહ્મ આ ગુણાતીત છે. તે સાકારરૂપે અખંડ અમારી સેવામાં છે અને ધામરૂપે પુરુષોત્તમને અને અનંત મુક્તોને ધારી રહ્યા છે. એમ ગુણાતીતાનંદ સ્વામીનો ઘણો મહિમા કહ્યો.

**૩. નરકના કુંડ ખાલી કર્યા (૧/૫) :-** કાલવાણીમાં ભીમભાઈએ મહારાજને કહ્યું 'મહારાજ! આ લોકમાં એવી રાજનીતિ છે કે જ્યારે રાજાને પુત્રજન્મ થાય કે નવો રાજા ગાદીએ બેસે, ત્યારે સજા પામેલા સર્વ બંદીવાન ગુનેગારોને છોડી મૂકે છે. આપને પણ હમણાં થોડા કાળ પહેલાં જ પટ્ટાભિષેક કરી ગાદી આપી છે તો પછી હવે નરકના કુંડમાં પડેલા જીવોને શા માટે બંદીવાન રહી પીડા ખમવી પડે ? આપ ધર્મની ગાદી પર બિરાજ્યા તેથી સૌ લોકો રાજી થયા છે. માટે નરકને પામેલા જીવોને, કોઈ સંતને મોકલીને બંદીખાનામાંથી છોડાવો એવી પ્રાર્થના છે. આથી મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને યમલોકમાં જઈ 'સ્વામિનારાયણ' નામ કહી ભૂતયોનિ પામેલા સૌ જીવોનો મોક્ષ કરી ભૂમાપુરુષના લોકમાં મોકલી આપવાની આજ્ઞા કરી. સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં દિવ્યદેહ ધારણ કરી યમલોકમાં ગયા. નરકમાં પીડાતા પ્રાણીઓને જોઈને તેમને દયા આવી. 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચાર્યું અને સર્વ ભૂતપ્રેતના દેહ પડી ગયા. સૌને ચતુર્ભુજરૂપ દિવ્ય દેહ પ્રાપ્ત થયો અને વિમાનમાં બેસીને ભૂમાપુરુષના લોકમાં ગયા. સમાધિમાંથી જાગીને સ્વામીએ મહારાજને બધી વાત કરી ત્યારે મહારાજે કહ્યું 'અમારે આ ટાણે અનંત જીવોનું કલ્યાણ કરવું છે.' પાપી કે પુણ્યશાળી જે કોઈ અમારા કે અમારા સાધુ કે હરિભક્તના સંબંધમાં આવે તેનું પણ સંકલ્પ માત્રે કલ્યાણ કરવું છે.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજ ગૃહસ્થને મદ્ય, માંસ, પરસ્ત્રી, ચોરી ને વટલવું એ પાંચ પદાર્થના ત્યાગના નિયમ લેવડાવતા હતા. (૨૧/૧૧૦)
૨. શ્રીજીમહારાજે દિવ્યદેહે પધારી વાઘના મોંમાંથી એન્ડ્ર્યૂઝ ડનલોપની રક્ષા કરી હતી. (૧૭/૯૫)
૩. મૂળજી શેઠ, હંસરાજ સુથાર, શ્યામો અગોલો અને શ્યામો કણસાગરો એ ચાર હરિભક્તોને શ્રીજીમહારાજે મેમકા છોડી ચાલી જવા આજ્ઞા કરી. (૩/૨૫)
૪. 'આ શું ? હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' (૨૯/૧૫૪)
૫. શ્રીજીમહારાજે વરતાલમાં સંવત ૧૮૮૨ના વસંતપંચમીએ શિક્ષાપત્રી લખી. (૨૫/૧૩૩)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૨/૧૦, ૯/૫૯) **૨.** ૧, ૨, ૩ (૨૫/૧૩૩)

**પ્ર.૬ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. સુંદરજી સુથાર (૭/૪૨) ૨. વચનની મૂર્તિ (૮/૫૧) ૩. નિષ્કામ (૧૫/૮૯)
૪. જેઠ સુદ દશમ (૨૯/૧૫૨) ૫. કુરજી દવે (૨૬/૧૩૬)

**(વિભાગ - ૨ : 'સત્સંગ વાચનમાળા ભાગ - ૨', આઠમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ શ્રીકૃષ્ણજી અદા - જ્ઞાનજી સ્વામીને (યોગીજી મહારાજ) (૮/૬૬)
➩ પોતાની અંત અવસ્થા વખતે જ્ઞાનજી સ્વામીને પોતાની પાસે બોલાવી તેમના માથે બે હાથ મૂકીને કહે છે.
૨. ➩ દાદા ખાચર - શ્રીજીમહારાજને (૫/૩૪)
➩ ઘેલા નદીના ટેકરા ઉપર સાધુ બાવાઓને બેઠેલા જોઈ મહારાજે તેમના ઉતારા માટે ધર્મશાળા કરવાની વાત કરી ત્યારે.
૩. ➩ જૂનાગઢના નવાબ - ગવૈયાઓને (૨/૧૪)
➩ ગ્વાલિયરના કેટલાક ગવૈયાઓ જૂનાગઢના નવાબને પોતાનું સંગીત સંભળાવવા આવ્યા ત્યારે નવાબ કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

જ. ૧. મહારાજ એક પક્ષમાં જીવુબાને ત્યાં જમતા. બીજા પક્ષમાં લાડુબાને ત્યાં જમતા. તેમાં તિથિની વધઘટ થાય તો બંને બહેનોને સંતોષ ન થાય. તેથી દસ-દસ દિવસના વારા ગોઠવી આપ્યા ત્યારે બંનેને સંતોષ થયો. (૬/૪૩)

જ. ૨. ભગતજી ધામમાં ગયા ત્યારે તેમની છેલ્લી સેવાનો લાભ ન મળવાથી શાસ્ત્રીજી મહારાજને દુઃખ થયું હતું. તે વખતે જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને કોલ આપ્યો હતો કે મારા અંત સમે તમને હું મારી પાસે તેડાવી લઈશ. માટે જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને તાર કરી તાત્કાલિક ડાંગરા તેડાવ્યા. (૭/૫૮)

**પ્ર.૯ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**૧. સાચા ઉપાસક નિત્યાનંદ સ્વામી (૧/૪) :-** શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિત્યાનંદ સ્વામીને સર્વોપરી ભાવની દૃઢ નિષ્ઠા હતી. વરતાલમાં 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો, ત્યારે મહારાજના સ્વરૂપ વિષે ચર્ચા નીકળી. ઘણા મોટેરા સંતો પરમહંસોએ મહારાજને રામ-કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા, તેથી તે રીતે લખવાની વાત કરી પરંતુ નિત્યાનંદ સ્વામીને તો શ્રીજીમહારાજના સ્વરૂપ વિષે સર્વોપરી ભાવની દૃઢ નિષ્ઠા હતી. તેથી તેમણે કહ્યું, 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, પરાત્પર સાક્ષાત પુરુષોત્તમનારાયણ છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ?' આમ સંતોમાં આ બાબતે મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીની વિરુધ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા પણ સ્વામી તો તેમના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા. તેથી જરા પણ ડગ્યા નહિ. મહારાજે પણ તેમની કસોટી કરવા છેવટે તેમને દુરાગ્રહી કહીને વિમુખ કર્યા. સ્વામી સાત દિવસ સુધી અખંડ ધ્યાન-ભજનમાં મસ્ત રહ્યા. આઠમા દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા. તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. સૌને ઘણું આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે પરમહંસોને નિત્યાનંદ સ્વામી જેવી સમજણ કરવા કહ્યું.

**૨. આજ્ઞાપાલક જાગાભક્ત (૭/૫૦) :-** સં. ૧૯૧૦માં આચાર્ય રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા ત્યારે સાંખડાવદરના બીડમાં મંદિરનું એંસી હજાર પૂળા-ખડ સાચવવાનું હતું. સ્વામીને ચિંતા હતી. તેથી સ્વામીએ કેટલાક ભગતોને સાંખડાવદરના બીડમાં જવા કહ્યું પણ આચાર્ય મહારાજની હાજરીમાં મંદિરમાં રોજ રસોઈઓ થતી હોય તથા કથાવાર્તા થતી હોય તે છોડીને ત્યાં જવા કોણ તૈયાર થાય? જ્યારે સ્વામીએ જાગા ભક્તને પૂછયું, 'તમે સાંખડાવદરના બીડમાં જશો ?' જાગાભક્તે તરત જ કહ્યું, 'હે સ્વામી, મને તો જા એમ જ કહેવું. હું તો આપનો સેવક છું. મારે તો આપની આજ્ઞા એ જ સમૈયો.' આચાર્ય મહારાજ સત્તર દિવસ રહ્યા. જાગાભક્ત સ્વામીની અનુવૃત્તિ પાળી બીડમાં ખડ સાચવવા રહ્યાં તેથી શ્રીજીમહારાજે તેમને અખંડ દર્શન દીધા. સ્વામીએ તેમને જતી વખતે કહ્યું હતું કે અમે જે જે આજ્ઞા કરીએ છીએ તેમાં ભગવાનની મૂર્તિ આપીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને તેમની ઓળખાણ કરાવી કે આ જાગા ભક્ત અમારી આજ્ઞાથી દર્શન સમૈયાનો લાભ છોડી સત્તર દિવસ બીડ સાચવવા રહ્યા. તે સાંભળી આચાર્ય મહારાજ રાજી થયા ને છાતીમાં ચરણારવિંદ આપી મળ્યા ને કહ્યું, સ્વામીને રાજી કર્યા તો શ્રીજીમહારાજને તમે રાજી કર્યા છે તે બેમાં ફેર સમજવો નહિ.

**૩. મૂળજી બ્રહ્મચારીની નિર્દોષબુદ્ધિ (૩/૨૨ થી ૨૫) :-** એક વખત સભામાં ઝોકે ચડેલા બ્રહ્મચારી સ્વપ્નમાં મહારાજ સાથે કોઈ ગામે ગયા ત્યાં એક ઘર સળગ્યું. મહારાજ દાઝી જશે એ બીકે મહારાજને ગાદી સાથે ઉપાડીને લીંબડા તળે તેઓ આવ્યા. બહુ અવાજ થવાથી બ્રહ્મચારી જાગી ગયા. મહારાજે પૂછયું 'તમને શું થયું હતું ?' બ્રહ્મચારીએ જણાવ્યું કે મને ઊંઘમાં સ્વપ્ન આવ્યું કે કોઈ ગામમાં ઘર સળગવા લાગ્યું તેથી હું તમને ઊપાડીને આવતો રહ્યો. બ્રહ્મચારીને ત્રણે અવસ્થામાં મહારાજનું જ ચિંતવન થતું. ભાદરામાં મહારાજે બ્રહ્મચારીને મોજડી તેલ ચોપડવા આપતી વખતે કહ્યું હતું કે કોઈ બીજાને તેલ ચોપડવા આપશો નહિ. પણ વશરામભાઈના આગ્રહને વશ બ્રહ્મચારીએ તેમને મોજડી તેલ ચોપડવા આપી. આ મહારજે જોયું ને બ્રહ્મચારીને વિમુખ કર્યા ને ઉપરથી આજ્ઞા કરી કે ગળ્યું ચીકણું ખાશો નહિ ને જોડા પહેરશો નહિ. આ આજ્ઞા પાળીને ભર ઉનાળામાં ડભાણથી મહારાજ માટે કેરીનો ટોપલો માથે મૂકી ઉઘાડા પગે ગઢડા ચાલીને ગયા. મહારાજને કેરી અર્પણ કરી તો પણ મહારાજે તેમને બોલાવ્યા નહિ. સુથારણ બાઈએ મહારાજને ઠપકો આપ્યો. ત્યારે મહારાજે તેમને બોલાવ્યા. તો તરત સેવામાં જોડાઈ ગયા. મૂળજી બ્રહ્મચારી જ્યારે માનસી પૂજા કરવા બેસતા ત્યારે અતિશય હેતે કરીને મહારાજ સાથે ઓતપ્રોત થઈ જતા માનસીમાં મહારાજને પૂછે 'મહારાજ શું લેશો ? ભજીયા, પૂરી કે શાક ?' આમ પૂછતા જાય અને હેતે કરીને જમાડતા જાય. શ્રીજીમહારાજ પણ તેમની ભક્તિને વશ થઈ પ્રત્યક્ષરૂપે થાળ જમી જતા. મહારાજની તો તેઓ સેવા કરતા. પરંતુ ગોપીનાથજી મહારાજની મૂર્તિને શણગાર ધરાવતી વખતે મૂર્તિને જરાય વાગે નહિ, તેમ ધીરે રહીને સાચવીને જાણે પ્રત્યક્ષ શ્રીજી છે એમ માની મર્યાદાના હેતથી સેવા કરતા. એક વખત શ્રીજીમહારાજે બ્રહ્મચારીને કહ્યું કે 'સભામાં કાંઈક વાત કરો.' તરત જ બ્રહ્મચારી ઊભા થયા અને તાળી વગાડી ઊંચે અવાજે બોલવા લાગ્યા : 'સાંભળો, સાંભળો સર્વ અવતારો આ સ્વામિનારાયણ ભગવાનની સેવા કરે છે. આવો અવતાર કોઈ વખતે થયો નથી ને થશે પણ નહિ. તેમની આજ્ઞા પાળવી. તેમાં કાંઈ ફેર પાડવો નહિ.' એમ વારંવાર બોલીને બેસી ગયા. મૂળજી બ્રહ્મચારી બહુ ભણ્યા નહોતા. શાસ્ત્રોની ઊંડી વાતોની સમજ પણ નહોતી, પણ તેમની નિખાલસ વાતોથી સૌને અતિશય આનંદ થયો. આમ મૂળજી બ્રહ્મચારીની મહારાજ પ્રત્યે નિર્દોષ ભક્તિ હતી.

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્રેમાનંદ સ્વામીનાં બીજાં બે નામ 'નિજબોધાનંદ સ્વામી' અને 'પ્રેમસખી' હતાં. (૨/૧૨)

૨. પ્રેમાનંદ સ્વામીએ 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી.....' કીર્તન બનાવ્યું છે. (૬/૪૪)

૩. હિમરાજભાઈએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મંદિરમાંથી કાઢવા માટેના ખરડામાં સહી કરી તેથી કૃષ્ણજી અદાએ તેમની સાથેનો સંબંધ કાપી નાખ્યો. (૮/૬૪)

૪. જાગાભક્તના મુખે ગ.પ્ર. ૫૪ અને ગ.મ. ૫૪ વચનામૃત સાંભળીને કમળનયન શાસ્ત્રીને અંતરે શાંતિ થઈ ગઈ. (૭/૫૭)

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- અયોધ્યાપ્રસાદજી મહારાજ (૪/૨૭, ૩૧)** **જ. ફક્ત નંબર :- ૩, ૬, ૭, ૯, ૧૦**

**પ્ર.૧૨ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

૧. **ખરું - ✓** (૨/૧૬)

૨. **ખોટું - ✕** (૧/૭) જ. શ્રીજીમહારાજની અંતિમવિધિ થઈ તે લક્ષ્મીવાડીમાં મંદિર કરવામાં મુખ્ય ફાળો નિત્યાનંદ સ્વામીનો હતો.

૩. **ખોટું - ✕** (૫/૩૮) જ. દાદાખાચરે ગઢપુરમાં મંદિર કરવા શ્રીજીમહારાજને આજીજી કરી. ૪. **ખરું - ✓** (૬/૪૩)

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય : સંપ, સુહૃદભાવ, એકતા**

**૧.** કોઈપણ ક્ષેત્રની પ્રગતિ થાય, વિકાસ થાય તેના પાયામાં સંપ - પછી તે ક્ષેત્ર કુટુંબ હોય, સંસ્થા હોય, સમાજ હોય કે દેશ હોય. **૨.** B.A.P.S. એવી વિશાળ, વિશ્વના ફલક પર પ્રસરેલી સંસ્થા - વિશ્વના ૫૫ થી પણ વધુ દેશોમાં વિસ્તરેલી આ સંસ્થાના પાયામાં પણ સંપ, સુહૃદભાવ અને એકતા એ મુખ્ય પરિબળો. **૩.** સંપની વ્યાખ્યા : સંપનો મહિમા - સંપથી જ મુશ્કેલીમાં માર્ગ કાઢનાર પશુ-પક્ષીના દૃષ્ટાંતો અન્ય પ્રસંગો - સંપ અંગેની કહેવતો, વિધાનો, મોટા પુરુષની રુચિ, રહસ્ય. **૪.** સંપની સાથે સુહૃદભાવ ભળે એટલે વિકાસના માર્ગે પ્રગતિ - એકબીજા પ્રત્યે સુહૃદભાવ સ્નેહ, એકબીજા માટે કંઈ કરી છૂટવાની વિશાળ ભાવના, મદદરૂપ થવાની ભાવના - ભગવાન અને સંતને અર્થે, ભક્તોને અર્થે સંસ્થાને માટે શું ન થાય ? આત્મબુદ્ધિ રહે (પ્રસંગો) ભગવાન તથા સંતના ગુરુપરંપરાના શ્રીમુખે ઉચ્ચારાયેલ આ અંગેના વિધાનો. **૫.** કોઈપણ ક્ષેત્રના વિકાસમાં એકતાને તો ભૂલાય જ કેમ ? એકતાનું આદર્શ ઉદાહરણ ભારત દેશ - અનેક જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ, સંપ્રદાયો, અનેક ધર્મોના લોકો - પણ બધા એકતાથી જોડાયેલ - પ્રસંગો - અનેક આક્રમણો છતાં ભારત દેશ અડીખમ - B.A.P.S. ની પ્રગતિના રહસ્યમાં પણ એકતા - અલગ અલગ જ્ઞાતિ, અલગ અલગ વતન, અલગ અલગ ધંધો છતાં પણ ભગવાન - ઈષ્ટ દેવ અને ગુરુ સાથે એકસૂત્રે જોડાયેલ હરિભક્તો - પ્રંસગો **૬.** યોગીજી મહારાજ : સંપ, સુહૃદભાવ અને એકતા પર ખૂબ ભાર મૂકતા - જ્યાં આ ત્રણ હોય તે સંસ્થા, કોમ, રાષ્ટ્રનો વિકાસ થાય જ એ સિદ્ધાંત વાત. **૭.** આમ B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય સંપ, સુહૃદભાવ અને એકતા યથાર્થ છે - ઉપસંહાર

**૨. બાળકોના ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજ** **૧.** જો તમે તમારા બાળકોને સંસ્કાર નહીં આપો તો સંતતિ અને સંપત્તિ બંને ગુમાવવાનો વારો આવશે. ઉપરોક્ત વિધાન દ્વારા પ્રમુખસ્વામી મહારાજનું બાળકો પ્રત્યેના હેતનાં દર્શન. **૨.** ઈષ્ટદેવ શ્રીજીમહારાજ પણ બાળકોને ક્યારેય નિરાશ ન કરતા (પ્રસંગો) યોગીજી મહારાજને પણ બાળકો ખૂબ પ્રિય - બાળમંડળોની સ્થાપના. **૩.** યોગીજી મહારાજ દ્વારા સ્થપાયેલ બાળમંડળોની પ્રવૃત્તિને સ્વામીશ્રી દ્વારા પોષણ - સંવર્ધન. સ્વામીશ્રીને પણ બાળકો ખૂબ પ્રિય - બાળકો માટે પોતાનો અમૂલ્ય સમય અચૂક ફાળવે જ - હેત કરે - તેની વાત સાંભળે - તેનું કીર્તન સાંભળે - તેના પ્રવચનને બિરદાવે - પ્રોત્સાહન આપે (પ્રસંગો) **૪.** બાળપ્રવૃત્તિના વિકાસ માટે અંગત રસ સ્વામીશ્રી લે છે. બાળકોની શિબિરો, વર્કશોપ, અધિવેશનો, વ્યસનમુક્તિ અંગેના પ્રોજેક્ટ હાથ ધરાય. તેમાં ઊંડાણથી રસ લઈને સ્વામીશ્રી સુધારા-વધારા સૂચવે પ્રસંગો. **૫.** સંસ્થાના છાત્રાલયોના બાળકોનો પણ સ્વામીશ્રી ખૂબ ખ્યાલ રાખે. બાળકોને અપાતો નાસ્તો, દૂધ વગેરે માટે તપાસ રાખે, રસ લે, સૂચનો કરે, બાળકોના ઓઢવા-પાથરવાના પાગરણ, બાળકોની કોમળ ત્વચાને અનુરૂપ વસાવવા સૂચનાઓ આપે - નાનાં બાળકોની પ્રવૃત્તિ, પ્રગતિમાં અંગત રસ, બિમાર બાળકોની ખબર કાઢવા મુશ્કેલીઓ વેઠીને પણ જવું, નાપાસ થયેલ બાળકને પત્ર દ્વારા આશ્વાસન આપવું. બાળકોના અભ્યાસ અને સંસ્કાર અંગે વાલીઓને જાગ્રત કરવા - બાળમંડળોની પ્રવૃત્તિમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિ પર ભાર તેથી જ સ્વામીશ્રી બાળકોના ઘડવૈયા. **૬.** બાળપ્રવૃત્તિ અંગે મહાનુભાવોના વકતવ્યો - સ્વામીશ્રીના બાળકો પ્રત્યેના આવા અભિગમને કારણે આ પ્રવૃત્તિ મોટું વટવૃક્ષ - બાળસંસ્કાર કેન્દ્રો બાળપ્રવૃત્તિથી ધમધમે છે. બાળ પ્રવૃત્તિને રાષ્ટ્રીય એવોર્ડ - ઉપસંહાર

**૩. જ્ઞાન અને ભક્તિનું પોષક : આહ્નિક** **૧.** આહ્નિક એટલે શું ? દિવસ દરમ્યાન ભગવાન વિષેની ભક્તિ, પૂજા, માળા, આરતી, થાળ, કથાવાર્તા વગેરે પવિત્ર ધાર્મિક વિધિ. **૨.** સવારે ભગવાનને યાદ કરીને જાગીએ ત્યારથી આપણું આહ્નિક શરૂ થાય. ભગવાનને માનસીમાં દાતણ કરાવવું, સ્નાન કરાવવું, પૂજા કરીને થાળ ગાવો અને ભગવાનને જમાડવા. **૩.** મંત્રજાપ, આરતી, કથાવાર્તા, પ્રદક્ષિણા, દંડવત્ વગેરે ભગવાનને રાજી કરવા માટે આખા દિવસ થતી શુભ પ્રવૃત્તિ એ આહ્નિક. **૪.** આહ્નિક એ બીજા અર્થમાં નવધા ભક્તિ - ભગવાનની કથાનું શ્રવણ, ભગવાનના ગુણ ગાવા, કીર્તનગાન, મંત્રજાપ, દંડવત એટલે પદ સેવન સમર્પણ, આત્મનિવેદન ભક્તિ. **૫.** આ પ્રકારના આહ્નિકથી જ્ઞાન અને ભક્તિને પોષણ મળે છે. ભગવાનની કથાવાર્તા સાંભળવાથી કરવાથી આત્મા-પરમાત્માનું જ્ઞાન મળે, સ્વભાવ-દોષો પ્રક-તિ ઘસાય - જીવનમાં સમજણ - સ્થિરતા આવે, ગમે તેવા સંજોગોમાં ભગવાનના કર્તાપણાની સમજણથી દુઃખી ન થવાય. આમ આહ્નિક (કથાવાર્તા) એ જ્ઞાનનું પોષક. **૬.** સાથે સાથે આહ્નિક એ ભક્તિનું પણ પોષક - પૂજામાં તિલક-ચાંદલો, દંડવત કરવાથી આપણું સ્થાન ભગવાનના ચરણમાં છે એવી દાસત્વભક્તિ આવે, શરણાગતિની (ભક્તિ) ભાવના થાય. હું ભગવાનને ચરણે છું તેથી મારી રક્ષા કરશે જ એવી શ્રદ્ધા દૃઢ થાય. ભગવાનની કીર્તન ભક્તિથી, ગુણાનુવાદ ગાવાથી ભગવાનના ગુણોનું જ્ઞાન થાય - મંત્રજાપ (સ્મરણ) કરવાથી આપણને ભગવાન સાથે તાદાત્મ્ય અનુભવાય - આપણા ઈષ્ટદેવ પ્રત્યે આપણી ભક્તિ દૃઢ થાય - ભક્તિનું પોષક આહ્નિક. **૭.** આમ આહ્નિક એ જ્ઞાન અને ભક્તિનું પોષક - ઉપસંહાર